# Greenlawns High School

MUMBAI - 400 036.

QUESTION PAPER (12)

For the Final Exam Year 2023

Set by ____________________

No. of Copies __________ Time : ________

Subject : Gujarati 2nd Lang.

Class : VIII:A

Full Marks : 80

સૂચના : દરેક પ્રશ્નોના ઉત્તર–ઉત્તર પત્રિકામાંજ લખવા જરૂરી છે.

વિભાગ – અ (40 Marks)

પ્રશ્ન–૧ નીચે આપેલા નિબોંધોમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ તૈયાર કરો (૧૦)

૧) માનવી અને પશુની મૈત્રી.....તમારા વિચારો જણાવો.

૨) તમે તમારા મિત્ર સાથે શરતમાં ૨૦૦૦ રૂપિયા જીતી ગયા છો? આ રૂપિયાનો તમે કેવી રીતે ઉપયોગ કરશો ? શું આ પ્રકારની શરત લગાડવી યોગ્ય કહેવાય? તમારા વિચાર વક્ત કરો.

૩) ચોમાસાની એક અંધેરી રાત ................

૪) મને નડેલો એક ભયંકર અકસ્માત

પ્રશ્ન–૨ નીચે આપેલા બે પત્રોમાંથી કોઇપણ એક વિષય પર પત્ર તૈયાર કરો (૭)

૧) વર્ગમાં કોઇ કારણે મિત્ર સાથે ઝઘડો થયો છે. પાછળથી તમને તમારી ભૂલ સમજાઇ ગઇ. મિત્રને માફી માંગતો પત્ર લખો

(અથવા)

૨) તમારૂં પુસ્તકાલયમાંથી વાંચવા માટે લીધેલું પુસ્તક તમારાથી ક્યાં ખોવાઇ ગયું છે. તો તે વિશે તમારા ગ્રંથપાલ (લાઇબ્રેરિયન) ને જાણ કરો. નવું પુસ્તક આપવાની વિનંતી સાથે તેમને પત્ર લખો.

પ્રશ્ન–૩ નીચે આપેલા ગદ્યખંડ વાંચી તેની નીસે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો–

એક કુંભાર પાસે ત્રણ ગધેડા અને બે દોરડા હતા. તેને નદીમાં નહામાં જવું હતું. નદીમાં નહાવા જતા પહેલા ગધેડાને બાંધવાનું નક્કી કર્યું. પણ દોરડા બે અને

ગધેડા ત્રણ શું કરવું? કુંભારે બહુ વિચાર્યું શું કરવું ? પછી કોઇ ડાહ્યા માણસની વાત યાદ આવી કે પહેલા બે ગધેડાને ત્રીજો ગધેડો જુએ એ રીતે બાંધવો અને પછી ત્રીજા ગધેડાને ખોટે-ખોટે એ જ રીતે દોરડાથી બાંધવાનું નાટક કરવું. બસ, કુંભારને રસ્તો જડી ગયો તેણે એમ કરી ત્રણે ગધેડાને બાંધી દીધા અને નહાવા ગયો.

નાહીને આવીને જોયું તો ત્રણે ગધેડા ત્યાંજ ઉભા હતા. ત્રીજા ગધેડાને નહોતો બાંધ્યો ફક્ત બાંધવાનું નાટક કર્યું હતું તે ત્યાં જ ઉભો હતો. કુંભારે બે ગધેડા છોડ્યા અને આગળ ચાલવા માંડ્યો, જોયું તો બે ગધેડા તેની પાછળ ચાલી રહ્યા હતા પણ ત્રીજો હજી ત્યાં જ ઉભો હતો કારણ કે તેને ખોટે-ખોટે બાંધ્યો હતો પણ છોડયો નહોતો. કુંભારે તેને છોડયો એટલે કે છોડવાનું નાટક કર્યું પછી તે ચાલવા લાગ્યો. હવે એથી આગળ વિચારવાની વાત એ છે કે ત્રીજ ગધેડાને સાચે તો બાંધ્યો જ ન હોતો દોરડું હતું જ નહી કે જે તેને અટકાવી શકે તો પછી કોણે અટકાવ્યો? કોણે બાંધી રાખ્યો? ગધેડો આઝાદ હતો, તેની પાસે તક હતી ત્યાંથી ચાલ્યા જવાની પણ તે ન છોડયો કારણ કે તેના મન અને માન્યતા મુજબ તે બંધાયેલો હતો. જ્યારે માલિક આવ્યો અને સાથે લઇ જવા લાગ્યા. ત્યારે પણ તે ન ચાલ્યો કારણ તેના માલિકે બીજા બે ગધેડા છોડ્યા, તેને છોડયો ન હતો. તેની પાસે ચાલવાની શક્તિ હતી. માલિક આગળ વધવા કહેતો હતો. સાથે હતા તે

અન્ય ગધેડો ચાલવા લાગ્યા હતા છતાં તે ચાલતો ન હોતો કારણ કે તે હજી મનથી બંધાયેલો હતો.

આપણા જીવનમાં પણ આપણે ઘણીવાર આ ત્રીજા ગધેડા બની જઇએ છીએ સાવ હોય જ નહીં તેવા કાલ્પનિક શરમ...સંકોચ....ડર....અન્ય મજાક કરશે તેવા આપણા પોતાના જ કાલ્પનિક અથવા મનથી માની લીધેલા વિચારો ના દોરથી આપણે બંધાયેલા રહીએ છીએ. અને આ મારું કામ નહીં. મને ડર લાગે છે. ભાઇ, મને નહીં ફાવે, મને શરમ આવે છે, મને કોઇનો સાથ નથી, આ કામ મારાથી નહીં થઇ શકે, ના ના મારી ભૂલ થશે. આવા બધા નક્કામાં મનના વિચારોથી આપણે

પાછા પડીએ છીએ. આ અદૃશ્ય દોરડાંઓથી આપણે બંધાવેલા છીએ, જીવનમાં આગળ વધવા આપણે આ દોરડાંઓથી છુટવાની જરૂર છે.

પ્રશ્નો

૧) કુંભાર પાસે કેટલા ગધેડા હતા? તેમને બાંધવાની જરૂર કેમ હતી ? તે તેને કઇ રીતે બાંધે છે. (૨)

૨) નાહીને આવીને કુંભારે કયું દૃશ્ય જોયું ? (૨)

૩) ત્રણે ગધેડામાંથી કયો ગધેડો મનથી બંધાયેલો હતો? કઇ રીતે (૨)

૪) આ વાર્તાનો યોગ્ય શીર્ષક આપી, આપણે સૌએ કયા દોરડાઓથી છૂટવાની જરૂર છે ? (૨)

પ્રશ્ન–૪ નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના અનુસાર લખો :–

(૧) નીચે આપેલા શબ્દોના સમાનર્થી શબ્દો લખો (૪)

૧) પસ્તાવો : ..................

૨) કાંખ : ....................

૩) દામિની : .................

૪) સંતુલન : .................

(૫) વારિ : ................

(૬) પડકારો : ...............

(૭) ઉજ્જડ : ................

(૮) તલવાર : .............

(૨) નીચે આપેલા શબ્દોના વિરોધી લખો : (૨)

૧) હંગામી x ..............

૨) આધું x ..............

૩) દોષી x ..............

૪) નફો x ..............

(૩) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થો લખી વાક્ય બનાવો (૩)

૧) માનસિક સંતુલન ખોરવાવું : .................

૨) તાણ કરવી : ...............

૩) સાંખી લેવું : ................

(૪) નીચે આપેલા વાક્યમાંથી સંજ્ઞા ઓળખી પ્રકાર લખો : (૨)

૧) ગાંધીજીનો પ્રેમ તેમાં ખૂબ દેખાતો હતો.

૨) ઘઉં ના ભાવ આસમાને ચડ્યા છે.

(૫) નીચે આપેલા વાક્યના કાળ પરિવર્તન કરો (૨)

૧) રાયચંદભાઇ શ્રીમંત હતા (વર્તમાન કાળ બનાવો)

૨) શિક્ષક વર્ગમાં ભણાવશે. (ભૂતકાળ બનાવો)

(૫) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારો (૨)

ઊજરડો, પુસ્તીકા, શુરવિર, બેરિશટર

## વિભાગ બ (40 marks)

પ્રશ્ન–૧ નીચે આપેલા સવાલના જવાબ બે–ત્રણ વાક્યમાં લખો: (૫)

અ–૧) ઘી ક્યાંથી લાવી? ત્યારે વજીબાઇ શો જવાબ આપે છે?

૨) 'વાદળજી વાયડાઇ મેલો' કાવ્યમાં કવિ કોને, કેવા પ્રકારના સૂર છોડવાની વાત કરે છે? જેથી વરસાદ કેવી રીતે વરસી શકે?

૩) 'નથી રે જુદાઇ' કાવ્યમાં મનુષ્ય કોના સંતાન છે? કેવી રીતે રહેવા માટે કહે છે? શું ભાંગી નાખવાની વાત કરે છે?

૪) ગાંધીજી કઇ સાલમાં શું બન્યા હતા? પોતાનું નામ ક્યાં નોંધાવ્યું હતું? ક્યારે ભારત પાછા ફર્યો હતા?

૫) સાવજ ક્યાં–ક્યાં ગરજે છે.?

પ્રશ્ન૧(બ) નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ પૂરો (૩)

૧) પોતે હજારોના વેપાર ખેડતા ........... ની પરખ કરતા, વેપારના ........... ઉકેલતા.

૨) શાલીનશાહ અમેરિકાના ............ સ્ટેટમાં ............... નામના નાનકડા નગરમાં રહે છે.

૩) ઘરમાં આ કીટાને ............... એમાં ............... નાખી નિતારીએ

પ્રશ્ન(ક) નીચેના વાક્યો કોણ બોલે છે કોને કહે છે લખો :– (૩

૧) 'અરર!..... બહુ ખોટું થયું! કંઇ રોગ હતો?'

૨) 'અલી, ક્યાંથી લાવી?'

૩) 'તે તારું ઘી....'

(૩)

પ્રશ્ન-૨(અ) નીચે આપેલા જોડકાં જોડો (પૂરા જવાબ લખો)

| (અ) | (બ) |
|---|---|
| ૧) ગર્જના સાંભળીને | ૧) તેમને રાયચંદભાઇ શતાવધાની છે. ખાતરી કરવી હતી. |
| ૨) આત્મદર્શન ને ખાતર જ તે | ૨) પૃથ્વીને પ્રદુષણ મુક્ત કરવી પડે. |
| ૩) નદીનું પાણી જાળવી રાખવી | ૩) તેના કિનારાની સુરક્ષા કરવી પડે. |
| ૪) સાવજ ની ગર્જના | ૪) જોધ્ધા જેવી છે. |
| ૫) સૂરજનો તડકો મેળવવા | ૫) પોતાનું જીવન વ્યતીત કરતાં હતાં |
| ૬) ગાંધીજીએ તેમણે ભાષા જ્ઞાનનો ભંડોળ ખાલી કર્યો | ૬) જડ-ચેતન બધું કંપે છે. |

(૬)

પ્રશ્ન-૨(બ) નીચે આપેલા સવાલના કારણો જણાવો.

૧) વજી એ ઘી ના ઘંધો બદલી નાંખ્યો કારણ કે:...

૨) શાલીને ફક્ત શાકાહારી પ્રાણીઓ માટેજ અભયારણ્ય શરૂ કર્યું કારણ કે.....

૩) ગાંધીજી આધ્યાત્મિક ભીડમાં રાયચંદભાઇનો આશ્રય લેતા કારણ કે...

(૮)

પ્રશ્ન-૩ નીચે આપેલા સવાલના જવાબ લખો:

૧) 'નથી રે જુદાઇ' કાવ્યમાં કઇ ભાવના હ્દયમાં વિકસાવવી જોઇએ? કવિ શું બુઝાવવાની ના પાડે છે? શા માટે?

૨) 'વાદળજી વાયડાઇ મેલો' કાવ્યમાં સૂરજ પોતાની તાકાતનો કેવી રીતે ઉપયોગ કરે છે? કવયિત્રી કોને વિનંતી કરે છે?

૩) 'ચારણ કન્યા' કાવ્યમાં કન્યા કેટલા વર્ષની છે? કાવ્યના આધારે તેનું વર્ણન કરો.

૪) 'ચાલ મન' કાવ્યમાં કટાક્ષ કરતાં કવિ માનવની બદલાયેલી વૃત્તિ ઉપર કયા-કયા ઉદાહરણ આપે છે? કવિ નું મન ક્યાં જવા માટે તૈયાર છે?

(૧૨)

પ્રશ્ન-૪ નીચેના સવાલના જવાબો વિસ્તારથી સમજાવો

૧) વજીભાઇ ઘી ક્યાં થી લાવતી હતી ? તે ઘી ક્યાં ક્યાં વેચતી હતી? ક્યારે વેચતી હતી?

૨) અભયારણ્ય પ્રાણી પ્રેમીઓ માટે નું મિલન સ્થળ કેવી રીતે બનતું ગયું ? લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે શું કરવામાં આવતું હતું ?

૩) શાલીન શાહે જાનવરોના બજારમાં કેટલા કલાક વીતાવ્યા હતા ? તેના જીવનનો સૌથી ઇમોશનલ દિવસ હતો એમ શા માટે કહે છ ?

૪) ગાંધીજીએ ધર્મ વિશેની મુસીબતો કોની સામે મૂકી હતી ? રાયચંદભાઇ ના પત્રથી તેમને શી સલાહ મળી હતી ? તેમને શો ભાવાર્થ મળ્યો હતો ?

*******